

## જુના સચિવાલય પાસે કચરાના ઢગ ખડકાયા

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેમ છતા શહેરમાં ગંદકી તો દુર થતી નથી. ત્યારે જુના સચિવાલય કેન્ટીન પાસે જ ગંદકીના ઢગ ખડકાતા કર્મચારીઓ પણ રોષ જોવા મળી રહ્યો છે. મીના બજારનો કચરો આ સ્થળ પર ઠલવાતો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ત્યારે આ ગંદકી ક્યારે દુર થશે અને આ જગ્યા કયારે ચોખ્ખી ચણક બનશે તેની રાહ સૌ કોઈ જોઈ રહ્યા છે.

# બજેટ સત્રની સુરક્ષા કરતાં કર્મીઓ માટે ખુરશીઓ પણ તુટેલી..!!

### સતત વધતી ગરમી વચ્ચે થાકી જતાં સુરક્ષાકર્મીઓને બે ઘડી બેસવા ગેટ દીઠ ચાર નવી ખુરશીઓ આપવાની લોલીપોપ મળી હતી : સત્ર અડધું થયું પણ હજુ નવી ખુરશીઓ મળી નથી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં અત્યારે વિધાનસભા ખાતે બજેટ સત્ર ચાલી રહ્યું છે જેના કારણે નવા સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે સુરક્ષા બંદોબસ્ત વધુ સઘન બનાવી દેવામાં આવ્યો છે. જોકે બીજી તરફ શહેરના વાતાવરણમાં છેલ્લા સપ્તાહમાં ગરમીનો પારો સતત ઉચકાઈ રહ્યો છે જેના કારણે વિધાનસભાના પ્રવેશદ્વારો પર તૈનાત સુરક્ષાકર્મીઓ માટે તેમની ફરજ આકરી પરીક્ષા સમાન બની રહી છે. આ રીતે સતત ખડે પગે ઊભા રહીને ફરજ બજાવતા સુરક્ષા કર્મીઓ માટે ઘડીકવાર પો'રો ખાવા માટે પણ બેસવા ખુરશીઓની યોગ્ય વ્યવસ્થા મળી નથી રહી અને તેમને જૂની તૂટેલી ખુરશીઓથી ચલાવવું પડી રહ્યું છે. 'ખુરશી' માટે લડતાં નેતાઓ પણ સુરક્ષાકર્મીઓ માટે સત્ર અડધું થયું છતાં હજુ નવી ખુરશીઓ આપી નથી શક્યાં.



આમ તો સચિવાલય સંકુલમાં પ્રવેશદ્વારો પર સમગ્ર વર્ષ દરમ્યાન ચોવીસ કલાક કડક સુરક્ષા પહેરો રાખવો જ પડતો હોય છે, તેમાં પણ જ્યારે જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે દિવસ દરમ્યાન આ સુરક્ષા પહેરો વધુ સઘન બનાવાતો હોય છે અને વધુ સુરક્ષાકર્મીઓને સચિવાલય સંકુલના તમામ દરવાજા ઉપર ખડકવામાં આવે છે. આ વખતે બજેટ સત્રના પ્રારંભે સુરક્ષાકર્મીઓને દરેક ગેટ દીઠ ચાર નંગ નવી ખુરશીઓ આપવાની ઉપરી અધિકારીઓ દ્વારા હૈયાધારણ આપવામાં આવી હતી પરંતુ સતત વધી રહેલા ગરમીના પારા વચ્ચે પણ હજુ સુધી નવી ખુરશીઓ પ્રાપ્ત થઈ નથી તેવું કેટલાંક સુરક્ષાકર્મીઓએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું. ક્યારેક એવી સ્થિતિ પણ સર્જાય છે કે પાળી બદલાતી હોય છતાં રીલીવર હાજર ના થાય તો તે આવે નહીં ત્યાં સુધી ગેટ છોડીને જઈ શકાતું નથી જેના કારણે નિયત સમય કરતા પણ વધુ ફરજ બજાવવી પડે છે. આકરી ગરમીની આ સ્થિતિમાં સુરક્ષાકર્મીઓને વારાફરથી ઘડીકવાર બેસવા માટે નવી ખુરશીઓની વ્યવસ્થા પુરી પાડવી જરુરી જણાય છે.

# પાટીદાર નેતા નરેશ પટેલ ૩૧મી સુધીમાં રાજકારણમાં સક્રિય બનશે

### 'આપ'માં જોડાવા સંદર્ભે પાટીદાર નેતાની પ્રતિક્રિયા : પોતાનાં દિલ્હી પ્રવાસ દરમિયાન કોઈ પણ રાજકીય મુલાકાત ન કરી હોવાનો પાટીદાર નેતાએ દાવો કર્યો

રાજકોટ,તા.૧૫

છેલ્લા કેટલાક દિવસોમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા રાજકારણમાં જોડાવા અંગે આમંત્રણ આપવા પર પાટીદાર નેતા નરેશ પટેલે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. આજે મીડિયા સાથે વાત કરતા નરેશ પટેલે કહ્યું હતું કે, જે પણ રાજકીય પક્ષોએ તેમને આમંત્રણ આપ્યું છે તેનો તેઓ આભાર માને છે, પરંતુ હાલ તેમની રાજકારણમાં જોડાવાની કોઈ ગણતરી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, જો સમાજના લોકો તેમને આ અંગે કહેશે તો તેઓ ચોક્કસ રાજકારણમાં જોડાશે. જોકે, પોતે કઈ પાર્ટીમાં ક્યારે જોડાશે તે અંગે યોગ્ય સમયે જાણ કરશે.


કોંગ્રેસ અને આપ પહેલા ભાજપે પણ તેમને પક્ષમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું. તેમણે દિલ્હી પ્રવાસ અંગે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે આ તેમનો વ્યવસાયિક પ્રવાસ હતો અને તેનું આયોજન છેલ્લી ઘડીએ થયું હતું. દિલ્હી પ્રવાસ દરમિયાન તેમણે કોઈ રાજકીય મુલાકાત ના કરી હોવાનો પણ દાવો કર્યો હતો. પાટીદારો પર થયેલા કેસો પાછા ખેંચાશે પછી જ રાજકારણમાં જોડાશો કે કેમ તેવા સવાલના જવાબમાં પટેલે જણાવ્યું હતું કે, આવી કોઈ વાત નથી પરંતુ તેમણે દરેક સમાજના લોકો સામે થયેલા કેસો પાછા ખેંચવા રજૂઆત કરી છે, અને તેના પર સરકાર એક્શન પણ લઈ રહી છે. માર્ચના અંત સુધીમાં પોતે રાજકારણમાં જવું કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરશે તેવું કહેતા નરેશ પટેલે કહ્યું હતું કે દરેક સમાજનું કલ્યાણ થાય અને પોતાનો ક્યાંક ઉપયોગ થાય તો પોતાને ચોક્કસ રાજકારણમાં જવું જોઈએ. રાજકારણમાં જવું કે નહીં તે અંગે હાલ વિચાર ચાલી રહ્યો છે, અનેસમાજે સ્પષ્ટ પણે આ અંગે કોઈ વાત નથી કરી. જો સમાજના લોકો એમ કહે કે રાજકારણમાં જવાની જરુર નથી તો પોતે અટકી જશે તેમ પણ તેમણે કહ્યું હતું. નરેશ પટેલે એમ પણ કહ્યું હતું કે, પોતે રાજકારણમાં જઈ મંત્રી બનવા નથી માગતા, પરંતુ લોકોના કામ થાય તે તેમના માટે મહત્વનું રહેશે.

હાલની સરકારમાં કામો થાય છે કે કેમ તે અંગે નરેશ પટેલે કહ્યું હતું કે, કામો લોકો સુધી પહોંચે છે પરંતુ તેમાં પણ વધુ વેગ આવે તેના માટે જો પોતાને રાજકારણમાં આવવાની જરુર પડે તો ચોક્કસ આ અંગે નિર્ણય લેશે. હવે જોવાનું એ રહે છે કે, પોતે રાજકારણમાં જોડાશે કે કેમ તે અંગે સ્પષ્ટ પણે હા કે ના પાડવાને બદલે સમાજ કહેશે તેમ કરીશ તેવા નરેશ પટેલ જો રાજકારણમાં જોડાય તો પણ સત્તા પક્ષ સાથે રહેશે કે પછી કોંગ્રેસ કે આપમાં જોડાશે તે જોવાનું રહેશે.

## દહેગામના બાળ ક્રિકેટર શ્લોક ગુર્જરની જિલ્લા કક્ષાએ અન્ડર-૧૪માં પસંદગી

ગાંધીનગર, તા.૧૫

દહેગામ ખાતે રહેતા બાળ ક્રિકેટર શ્લોક ગુર્જરનું ગાંધીનગર જિલ્લા ક્રિકેટ ટીમમાં અન્ડર-



૧૪માં સિલેકશન થયું છે. શ્લોક ગુર્જર છેલ્લાં આઠ મહિનાથી દહેગામ સ્થિત દર્શ ક્રિકેટ એકેડેમીમાં તાલીમ મેળવવા સાથે પ્રેકટિસ કરીને આગામી મેચો માટે તૈયારીઓ કરી રહ્યો છે. દર્શ ગુર્જરને ક્રિકેટ એકેડમીના સંચાલિકા તથા મુખ્ય કોચ દર્શન રાજપૂતે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજે બોરીજ પ્રાથમિક શાળાએથી રાજ્યવ્યાપી વેક્સિનેશનનો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરની બોરિજ પ્રાથમિક શાળાએથી બુધવાર તા.૧૬ માર્ચ-૨૦૨૨ના સવારે ૯ કલાકે આ રાજ્યવ્યાપી વેક્સિનેશનનો પ્રારંભ કરાવશે.

કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમ અન્વયે ભારત સરકારની માર્ગદર્શીકા મુજબ રાજ્યમાં આવતીકાલથી આ રસીકરણની સફળતાપૂર્વક શરૂઆત કરવાની તમામ તૈયારીઓ આરોગ્ય વિભાગે પૂર્ણ કરી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ, માતૃ અને બાળ કલ્યાણ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગોના સહયોગથી આ રસીકરણ ઝૂંબેશમાં પાત્રતા ધરાવતા તમામ બાળકોને આવરી લેવામાં આવશે.

૧૨ થી ૧૪ વર્ષની વય જૂથના અંદાજે ૨૩ લાખ બાળકોને કોવિડ-૧૯ની વેક્સિનના બે ડોઝ આ અભિયાન અંતર્ગત આપવામાં આવશે.

## ગુજરાત પ્રદેશ પ્રમુખ અને અગ્રણીઓ ડો.અનિલ જોષીયારાની અંતિમયાત્રામાં જોડાયા : પુષ્પાંજલિ અર્પણ કરી

ભિલોડા,તા.૧૫



ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ આરોગ્ય મંત્રી તેમજ ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય ડોકટર અનિલ જોષિયારાને શ્રદ્ધાજલિ આપવા માટે પહોંચ્યા હતા, જેમાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, અર્જૂન મોઢવાડિયા, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના આગેવાન મધુસુદન મિસ્ત્રી વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામ ભાઈ રાઠવા તથા સર્વે ધારાસભ્યો રાજેન્દ્રસિંહ, પૂંજાભાઈ વંશ, જશુભાઈ પટેલ, અશ્વિન કોટવાલ અને અન્ય અગ્રણીઓએ પણ સદગતના નશ્વર દેહને પુષ્પાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન, ગુજરાત સરકારના પૂર્વ આરોગ્ય મંત્રી અને ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય સ્વ. અનિલ જોશીયારાજી ની અંતિમ યાત્રામાં જોડાઈ શ્રદ્ધાંજલિ અર્પણ કરી પરિવાર સ્વજનોને સાંત્વના પાઠવી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે લખ્યું કે, પરમકૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને એમના પરિવાર સ્વજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

## ન્યુ વાવોલમાં રસ્તા પર વહેતા પાણીથી પરેશાની..!!

ગાંધીનગર, તા.૧૫

એક તરફ ઉનાળો આવતા સાથે જ ગરમીનો પારો ઉંચકાવા લાગ્યો છે અને પાણીની અછતની સ્થિતિ સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે ત્યારે ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારમાં છેલ્લાં કેટલાંક દિવસથી વૈદેહી-૩ એપાર્ટમેન્ટ સામેના માર્ગે પાણીના અઢળક વેડફાટ સાથે પાણીની નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વારંવાર સર્જાઈ રહેલી આ સ્થિતિના કારણે આ માર્ગ પરના વાહનચાલકો માટે અંહીથી પસાર થવું મુશ્કેલભર્યુ બની રહ્યું છે. વળી, આ રસ્તા પર બાળકો માટે સાયકલ લઈને કે વડીલોને ચાલતાં જવામાં પણ પડીને હાડકાં ભાંગી જવાની દહેશત અનુભવાઈ રહી છે તેથી સત્વરે પાણીના વેડફાટને અટકાવવો જરૂરી જણાય છે.

# બસમાં જતા દારૂ પીધેલા ૫૪ પેસેન્જર્સ ઝડપાયા

### કેટલાક પેસનેજરો પીધેલી હાલતમાં મળી આવતા પોલીસે તમામ વિદેશી દારૂ અને લકઝરી બસ કબ્જે કરી તપાસ શરૂ કરી

સુરત,તા.૧૫

સુરત શહેરનાં પુણા પોલીસે માહિતીનાં આધારે દમણથી સુરત આવતી એક ખાનગી લકઝરી બસમાં આવતા પેસેન્જરો જે પોતાની પાસે રહેલા બેગની અંદર અલગ અલગ રીતે વિદેશી દારૂની સંતાડીને લઈને આવી રહ્યા હતા તેમને પોલીસે પકડી પાડ્યા હતાં. આ સાથે કેટલાક પેસનેજરો તો પીધેલી હાલતમાં પણ મળી આવતા પોલીસે તમામ વિદેશી દારૂ અને લકઝરી બસ કબ્જે કરી તપાસ શરૂ કરી છે. સુરત શહેરના કેટલાંક લોકો મનમરજીથી જીવે છે. કાયદાનું પાલન તેઓ કરવામાં માનતા નથી. પોતે ધારેલું કામ કોઈપણ રીતે પૂરું કરવા માટે તેઓ કઈ પણ કરતા હોય છે પછી તે ચોરી કરી અથવા તો કોઈપણ તરકીબ કરતાં હોય છે. ત્યારે આવો એક કિસ્સો સુરતનાં પુણા ગામ વિસ્તારમાં પ્રકાશિત થયો છે આમ તો સુરતની વાત કરીએ સુરત દારૂ માટે પંકાઈ ગયું છે ત્યારે કેટલાક ઈસમો દમણથી દારૂ પી સાથે જે લકઝરી બસમાં આવી રહ્યા છે તે બસની અંદર મોટાભાગનાં પેસેન્જરો પોતાની પાસે રહેલા સામાન છે તેની અંદર દમણથી વિદેશી દારૂની બોટલો મૂકીને સુરત લાવી રહ્યાં છે. આ માહિતી સુરત શહેરનાં પુણા પોલીસ સ્ટેશનનાં પી.આઈ યુ વી ગડરિયાને મળી હતી. જેથી તાત્કાલિક પીએસઆઈ અને ડી સ્ટાફના માણસો સાથે રાખીને એક તપાસ ચલાવી હતી. જેમાં દમણથી સુરત આવતી બસ જેનો નંબર છે જી ૧૪ ફ ૫૫૦૬ તે અટકાવી હતી અને ત્યારબાદ પોલીસ દ્વારા એક પછી એક પેસેન્જર્સ અને તેમની પાસે રહેલા સામાનની ચકાસણી કરતા એક પછી એક વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. આ તપાસમાં કુલ ૨૬૫ બોટલ મળી આવી હતી આમ જોતાં થોડા સમય માટે પુણા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તાત્કાલિક પુણા પોલીસે સાત મહિલા સહિત ૪૫ પેસેન્જર બસ કંડકટર ડ્રાઈવરની પણ ધરપકડ કરી તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો. સાથે ખાનગી લક્ઝરી બસ પણ કબજે કરી ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મહત્વની વાત એ છે લોકો પોતાનું વચન પૂરું કરવા માટે કેટલી હદે જતા હોય છે તે આ કિસ્સાઓ પરથી ખ્યાલ આવે છે હાલમાં તો પુણા પોલીસે તપાસ હાથ ધરી છે પણ આવી રીતે કેટલાક લોકો ખાનગી વાહનોમાં અલગ અલગ રીતે ચોરી છૂપી વિદેશી દારૂની બોટલો લાવતા હોય છે.

### પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

એહસાસ કરાવી શકે..એ માટે નીડરતા અનિવાર્ય ગુણ મનાય છે..સમગ્ર ભગવદગીતાનો સાર એક લીટીમાંકમ આપવો હોય તો કહી શકાય કે અભય થવું એ જ જીવનની સાર્થકતા..કૃષ્ણ ભગવાને અર્જુનને અભય થવાનો ઈલમ શીખવ્યો એ પછી જ એની તમામ શકિતઓ સોળે કળાએ ખીલી ઉઠી હતી.

આમ તો આપણા સહુનું જીવન કોઈક અજાણી શકિતના હાથમાં છે.જગતમાં જે કોઈ પદાર્થ માણસ કે જીવો છે એ તમામ પણ એના જ નિયંત્રણમાં છે..આપણે સહુ એક જ શકિતનાં અભિન્ન અંગ હોઈએ પછી ડરવાનું કોનાથી ? માણસને વધુને વધુ સુખ પામવાની ઝંખના હોય છે..એને સ્પર્ધા કરી વિજેતા થવું છે..જયાંસુધી માણસ આ રીતે વિચારતો રહેશે ત્યાં સુધી એની અંદરનો અવકાશ ખખડતો જ રહેશે..છે માણસ ભીતરને ઝળહળ કરી શકે એ જ બહારની દુનિયા જીતી શકતો હોય છે..

### એમ પણ બને ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ફરિયાદ, આરોપ અને ટીકા કરવા કરતા ચાલો પ્રોત્સાહન આપીએ બાળકોને. મારાં, તમારા નહીં... એ બધા જ બાળકોને....

આ બધું કરી જુઓ... સંતાન બોર્ડની શું જીવનની કોઈ પરીક્ષામાં નાપાસ નહિ થાય.

અને આ સમયે ઠેર ઠેરથી મળતી બધી સલાહ અને બીજા સહ વિદ્યાર્થી સાથે સરખામણી અમુક વાર મેણાં સમાન પુરવાર થતી હોય છે, સરખમણી કરવામાં આપણે બાળકને એની આવડત જ ભૂલવાડી દેતા હોઈએ છીએ.

સંપૂર્ણતાનો આગ્રહ એ જ માણસની પીછે હઠ માટે જવાબદાર હોય છે. સંતાન પર ખોટું દબાણ એના આત્મવિશ્વાસ અને માનસિક તાકાત ને ખતમ કરી નાંખે છે. શું ફરક પડશે પરિણામ મરજી મુજબનું ના આવ્યું એમાં.. અરે એની પાછળ બીજો કોઈ સંકેત હશે એમ માની ને ચાલવાનું. ઘરમાં શોકમય વાતાવરણ એ વિદ્યાર્થીના મન-મગજ ને નુકસાન પહોચાડશે. ચાલો પરિસ્થિતિ ને સ્વીકાર કરતા શીખીએ. અસ્વીકારનો અભિગમ આપણા અને આપણા બાળકના જીવનમાં તાણ પેદા કરશે.

જીવનમાં અસ્થિરતા અને તોફાન પછી જ ખરી શાંતિ મળતી હોય છે...

એવા વિદ્યાર્થી માટે એક કવિતા..

જેમના સપના એમની માર્કશીટ કરતા મૂલ્ય વધુ આંકે છે.

જો અઘરો લાગે સમય આ તો<br>
ભેંકડો તાણી રડી લેવાનું,<br>
મન થાય એ કરી લેવાનું,<br>
પગ પછાડી,વાળ ખેંચી,<br>
બૂમો પાડી ધમ પછાટ કરી લેવાનું,<br>
ગુસ્સો આવે તો દાંત પીસી<br>
એકાદ વસ્તુનો છુટ્ટો ઘા કરી લેવાનું,<br>
રડી લેવાનું, ઝગડી પડવાનું<br>
ગાંડા બની આળોટી લેવાનું,<br>
પણ!!<br>
જીવનમાં નાસીપાસ ક્યારેય નહી થવાનું,<br>
વાવીશ કંઈક તો લણીશ કંઈક<br>
હારી જઈશ તો નવું પામીશ શું?<br>
રચાયું ભિન્ન દરેક માટે કંઈક<br>
જે મળ્યું એ તારું ને બસ તારું જ<br>
તારાં થી એ કોણ છીનવી લેવાનું<br>
હસી પડ ખુદ પર ક્યારેક<br>
તો બીજું હસવામાં લઈ લેવાનું,<br>
મનનો ભાર હળવો કરી<br>
મનદુઃખ ને ભૂલી જવાનું<br>
કેટલો ભાર લઈને ફરીશ<br>
મૂક બધી રઝળપાટ<br>
આમ કયાં સુધી ઝૂરવાનું.<br>
દુનિયા જાય તેલ લેવા<br>
આપણે તો મસ્ત થઈને રહેવાનું<br>
આમ આંસુ ક્યાં સુંધી સારવાનું<br>
જૂનું ભૂલી નવી વાતને કંડારવાનું<br>
ભારે હૈયે આમ ક્યાં સુંધી ભાગવાનુ,<br>
તું તો શાને ખોઈ બેઠો ધીરજ<br>
સમજી લે બધાં માટે શ્રેષ્ઠ કંઈક છે લખાયું.

### પારો ૪૧ ડિગ્રી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે દિવસના અંતે મોડી સાંજ સુધી વાતાવરણમાં ગરમીની અસર જોવા મળે છે. ગરમીથી બચવા માટે નગરજનો હવે ઠંડા પદાર્થોનુ સેવન વિશેષ કરી રહ્યા છે. બજારમાં ઠંડા પીણા , શરબતો આઈસ્ક્રીમ અને શેરડીના રસનુ પણ વેચાણ વિશેષ થઈ રહ્યુ છે. જયારે ટેટી અને તરબુચ સહીતના ફળોનુ પણ વેચાણ વધ્યુ છે. ગરમીની શરૂઆત પણ આક્રમક રહેતા નગરજનો ગરમીથી રક્ષણ મેળવવા માટે અનેક પ્રકારના નુસ્ખા અજમાવી રહ્યા છે. થોડા દિવસો અગાઉ વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ જયારે વાદળિયા વાતાવરણના અંતે ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધતા હવામાન તજજ્ઞોએ પણ ગરમીનો પારો ટુંકમાં ૪૦ ડીગ્રીની પાર જશે તેવી આગાહી કરી હતી. આજે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીએ પહોંચી જતા શહેરીજનો આકરી ગરમીમાં શેકાયા હતા. ચૈત્ર મહીનાની શરૂઆત પુર્વે જ ગરમીએ હદ વટાવી છે. ત્યારે આગામી એપ્રિલ અને મેં મહીનામાં પણ હીટવેવથી જનજીવન વિશેષ પ્રભાવિત રહેશે હજુ પણ ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે.

### આયોજન કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન આ કાઉન્સિલરો વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનુ માર્ગદર્શન આપી શકે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં માણસા તાલુકાને અનુલક્ષી લક્ષ્મણસિંહ રાવ મો -૮૫૧૧૦૭૨૯૭૯. અંજનાબેન પટેલ ૯૪૦૮૭૮૧૭૮૫, ગાંધીનગર તાલુકા માટે અશોકપુરી ગોસ્વામી ૯૯૨૫૮૩૨૯૮૯, હીતેન્દ્રસિંહ રાઠોડ ૯૭૨૭૩૭૭૦૩૮ નો સંપર્ક કરવા પણ જણાંવાયુ છે. બેઠકના અંતે જિલ્લા શિક્ષણાધિકારીએ પણ પરીક્ષા સમિતિનો આભાર વ્યકત કર્યો હતો.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ અને માણસા તાલુકામાં પાઈપલાઈન નાંખવામાં આવેલ છે. જેનાથી જિલ્લાના ૬૦ તળાવ ભરવાનું આયોજન છે.

● **જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ**

કલોલના બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણોને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૧૭ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

ના મંજૂર કરવાના કારણો આપતા મંત્રીએ જણાવ્યુ હતુ કે ૧ અરજી અંદાજપત્રના નાણાં ભરપાઈ કરેલ ન હોવાથી, ૧૫ અરજીઓ અરજદારની અરજીના કારણે, ૧ અરજી માંગણીના ૮ એકર કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતા સર્વે નંબરમાં એક વીજ જોડાણ હયાત હોવાને કારણે, ૮૮ અરજીઓમાં આપેલ સમયમર્યાદામાં બોર-કૂવા કરાવેલ ન હોવાથી, ૧૨ અરજીઓ જરૂરી દસ્તાવેજોની સમયસર પૂર્તતા ન થવાથી નામંજૂર કરવામાં આવેલ છે. તેમણે જણાવ્યુ છે કે ૨૨ અરજીઓ મંજૂર થયેલ છે તેમને જોડાણ આપવાની કાર્યવાહી ચાલુ છે.

### હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકાના સંરક્ષણ વિભાગનો દાવો છે કે, રશિયાએ યુક્રેન પર ૯૦૦ કરતા વધારે મિસાઈલો લોન્ચ કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીનુ કહેવુ છે કે, આટલા દિવસના યુધ્ધમાં રશિયાએ ચેચેન્યા સામે બે યુધ્ધમાં જેટલા સૈનિક ગુમાવ્યા હતા તેના કરતા બમણા સૈનિક ગુમાવ્યા છે. જેલેન્સ્કીએ યુધ્ધ પર બ્રેક વાગે તે માટે ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટ સાથે વાતચીત કરી છે. દરમિયાન યુધ્ધ વચ્ચે પણ યુક્રેન અને રશિયા વચ્ચે મંત્રણા ચાલી રહી છે.આજે પણ બંને દેશોના અધિકારીઓ વચ્ચે એક બેઠક યોજાવાની છે.

### ભાગ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

RPFની ૬ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. કલબુર્ગી પ્રશાસને કલમ ૧૪૪ પણ લગાવી છે.

ઉડુપીની એક કોલેજમાંથી હિજાબનો વિવાદ ઉભો થયો હતો. ગવર્નમેન્ટ પ્રી કોલેજમાં છોકરીઓને સ્કૂલમાં હિજાબ પહેરવાની છૂટ હતી પરંતુ ક્લાસની અંદર હિજાબ પર પ્રતિબંધ હતો. ગયા વર્ષે ડિસેમ્બરમાં કોલેજના છ વિદ્યાર્થિનીઓએ હિજાબ પહેરીને ક્લાસરૂમમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. તેમને અટકાવવામાં આવ્યા હતા પરંતુ છોકરીઓ મક્કમ હતી. જે બાદ તે કોલેજની બહાર ધરણા પર બેસી ગઈ હતી અને ત્યારબાદ વિવાદ વધુ ગરમાયો હતો. કોલેજની અંદરનું આ પ્રદર્શન દેશના અન્ય જિલ્લાઓ અને અન્ય રાજ્યોમાં ફેલાઈ ગયું.